ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, **ભાવનગર.**
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૩/૨૩–૨૪/ 828 તારીખ : 28 APR 2023

**આર.પી.એ.ડી.**

કેસ નં.૦૩/૨૩–૨૪

પ્રતિ,
**શ્રી ભારતીબેન ચીમનલાલ ઠક્કર,**
**૧૦૨, શાંતિતીર્થ એપાર્ટમેન્ટ,**
**હિલડ્રાઈવ, અક્ષરવાડી સામે,**
**ભાવનગર.**

**મો.નં–૯૭૧૨૯ ૭૭૪૦૪**

**વિષય : ખેતીવાડીનું નવું વિજ જોડાણ આપવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૨૮/૦૩/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૩૧/૦૩/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૩/૨૩–૨૪/૭૦૭ તા.૦૧/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૩/૨૩–૨૪/૭૧૬ તા.૦૫/૦૪/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૪/૨૦૨૩** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઈજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
ગ્રામ્ય વિભાગીય કચેરી, **ભાવનગર.**
*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **વરતેજ.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૦૩/૨૩–૨૪** ☜

વાદી :– **શ્રી ભારતીબેન ચીમનલાલ ઠક્કર,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજૂઆતની તારીખ:– તા.૧૮/૦૪/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી મેહુલભાઈ શાંતિભાઈ ઠક્કર (વાદી ના પુત્ર)**

પ્રતિવાદી :– **શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભારતીબેન ચીમનલાલ ઠક્કર, મું.ભાવનગરની ખેતીવાડીનું નવું વિજ જોડાણ આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૩/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગરને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૩/૨૩–૨૪/૭૦૭ તા.૦૧/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૮/૦૪/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ભારતીબેન ચીમનલાલ ઠક્કર વતી તેમના પુત્ર શ્રી મેહુલભાઈ શાંતિભાઈ ઠક્કર હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.સી.પંચાલ, કાર્યપાલક ઈજનેર, ગ્રામ્ય વિભાગીય કચેરી, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજૂઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ તા.૦૬/૦૪/૨૦૨૨ ના રોજ રસીદ નં–૪૬૬૦૭૫ થી રૂા.૨૩૬/– ભરી અરજી કરેલ હતી. અમારા સ્થળ પર કોઈ ચકાસવા કે સર્વે કરવા આવેલ નથી કે ફોન થી પણ જાણ કરવામાં આવેલ નથી. આજદિન સુધીમાં ખૂબજ મુલાકાત કચેરી પર લીધી છે. દરેક વખતે ટાઈમ આપવામાં આવ્યો અને ગત તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ કનેકશન રદ કરવામાં આવે છે તેવો પત્ર અમોને મોકલેલ છે. હું બધાજ આધાર પુરાવાઓ આ સાથે રજુ કરૂ છું. તો યોગ્ય કરી અમોને જલ્દીથી નવું કનેકશન ફાળવવા આપ સાહેબને નમ્ર વિનંતી.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

**૨.૧** સદર બાબતે નાયબ ઈજનેર વરતેજ પેટા વિભાગીય કચેરીના દ્વારા સંદર્ભ પત્ર નં.૨ મુજબ વાદી દ્વારા વરતેજ પેટા વિભાગીય કચેરીમાં તા.૦૬/૦૪/૨૦૨૨ ના રોજ રૂ.૨૩૬/– ભરપાઈ કરીને રસીદ નં.૪૬૬૦૭૫ થી નવા ખેતીવાડી વીજ જોડાણ માટે તેઓના અધેવાડા ખાતે આવેલ સર્વે ન.૧૧૬ પૈકી૮/પૈકી૧/પૈકી૧ અરજી કરવામાં આવેલ હતી.

**૨.૨** આ અરજીના અનુસંધાને વરતેજ પેટા વિભાગીય કચેરીના અધિકારી/કર્મચારી દ્વારા તા.૧૯/૦૫/૨૦૨૨ સર્વે માટે વાદીનો સંપર્ક કરેલ હતો. પરંતુ માંગણી વાળા સ્થળ પર વાદી/પ્રતિનિધિ નો સંપર્ક થયેલ ન હતો. તેમજ વાદી બહારગામ છે તેમ જાણવા મળેલ હતું. જે અનુસંધાને પ્રતિવાદી દ્વારા વાદીને વરતેજ પેટા વિભાગીય કચેરીનો સંપર્ક કરવા માટે પત્ર નં.૪૯૭૦ તા.૨૧/૦૯/૨૦૨૨ ના રોજ જાણ કરવામાં આવેલ હતી. ત્યારબાદ, સદર બાબતે પ્રતિવાદી દ્વારા વાદીને વરતેજ પેટા વિભાગીય કચેરી નો સંપર્ક કરવા બીજી/છેલ્લી નોટીસ પત્ર નં–૬૦૪૨ તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ આપવામાં આવેલ હતી. જેમાં, સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હતો કે આ પત્ર મળ્યેથી વરતેજ પેટા વિભાગીય કચેરીનો સંપર્ક નહિ કરવામા આવે તો, આપની અરજી રદ કરી દફતરે કરવામાં આવશે. તેમ છતાં, વાદી દ્વારા વરતેજ પેટા વિભાગીય કચેરીનો રૂબરૂ સંપર્ક કરવામાં ન આવતા, પ્રતિવાદી દ્વારા વાદીની નવા ખેતીવાડી વીજ જોડાણની અરજી રદ કરીને પત્ર નં.વિટીએસડી/ટેક/૧૨૯૧ તા.૨૩/૦૩/૨૦૨૩ ના રોજ વાદી ને જાણ કરવામાં આવેલ હતી. જે આપ સાહેબ ની જાણ સારૂ.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદીશ્રી ભારતીબેન ચીમનલાલ ઠક્કર,ગામ–ભાવનગર દ્વારા તેમનાં અધેવાડા ગામ ખાતેની જગ્યાએ નવું ખેતીવાડી વીજ કનેક્શન પ્રતિવાદી પીજીવીસીએલ દ્વારા ન આપવામાં આવતા ફોરમને રજુઆત કરેલ છે.

૩.૨ વાદીની રજુઆતને લઈને ફોરમ દ્વારા આજરોજ તા.૧૮/૦૪/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદીના પ્રતિનિધિ–પુત્ર તમજ પ્રતિવાદીના પ્રતિનિધિ હાજર રહી પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ રજુ થયેલ રેકર્ડ અને મૌખિક રજુઆતોને ધ્યાને લેતાં જણાય છે કે, વાદી દ્વારા નવા ખેતીવાડી વીજ જોડાણ અધેવાડા સર્વે નં.૧૧૬/૮/૧/૧ ખાતે મેળવવા જરૂરી ચાર્જ ભરીને તા.૦૬/૦૪/૨૦૨૨ એ નોંધણી કરવામાં આવેલ. જેના આધારે પ્રતિવાદી દ્વારા તા.૧૯/૦૫/૨૦૨૨ નાં સર્વે કરવા માટે સંપર્ક કરવામાં આવતા, વાદી બહારગામ છે તેમ જાણવા મળેલ. જેના કારણે આ કાર્યવાહી ફરીથી કરવા માટે પ્રતિવાદી દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૨ના રોજ પત્ર નં ૪૯૭૦ અને ત્યારબાદ છેલ્લી નોટીસ નં.૬૦૪૨ તા.૧૭.૧૨.૨૦૨૨ થી વાદી ને વરતેજ કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવેલ. પરંતુ વાદી દ્વારા સંપર્ક કરવામાં ન આવતા પત્ર નં. ૧૨૯૧ તા.૨૩/૦૩/૨૦૨૩ વાદીને તેની વીજ જોડાણ રદ કરતા હોવા અંગેનો પત્ર લખી જાણ કરવામાં આવેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૩.૪ સુનાવણી દરમ્યાન વાદીએ તેમને પ્રતિવાદી દ્વારા લેખિત તેમજ ટેલીફોનીક જાણ થતી હોવાનું કબુલ્યુ છે. વધુમાં વાદી એ જણાવેલ કે, તેઓએ પ્રતિવાદીની વરતેજ પેટા વિભાગીય કચેરી ખાતે સંપર્ક કરવાનો પ્રયત્ન કરેલ છે. પરંતુ, તે અંગેનો પુરાવો તે રજુ કરી શકેલ નથી.

૩.૫ ઉપરોક્ત સંજોગોમાં વાદીને કનેક્શન આપવા માટે પ્રતિવાદી દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી પૂરતા પ્રયત્નો કરવામાં આવેલ છે અને ત્યારબાદ વાદીની ખેતીવાડી કનેકશનની અરજી રદ કરેલ છે, તેમ પ્રસ્થાપિત થાય છે. આથી વાદીની અરજી રદ કરી દફતરે કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મહેતા)
**સ્વતંત્ર સભ્યશ્રી**

(ગેરહાજર)
(એન.આઈ.ઉપાધ્યાય)
**ટેકનીકલ સભ્યશ્રી**

(એન.સી.મકવાણા)
**અધ્યક્ષશ્રી,**
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૮/૦૪/૨૦૨૩.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar